નાણા વિભાગના તા.૧/૧૧/૨૦૦૦ ના
ઠરાવમાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પશન-૨૦૧૪- સીસી ૧૨૮-પી, (પાર્ટ ફાઇલ-૧)
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૧/૦૫/૨૦૧૮

**વંચાણે લીધાઃ**

(૧) નાણા વિભાગના ઠરાવ ક્ર: પપ૬/ ૧૦૯૯/ ભા.સ.૧(૨)/ પી, તા.૦૧/૧૧/૨૦૦૦
(૨) સ્પેશયલ લીવ પીટીશન નં.૨૫૮૧૦-૧૧/૨૦૧૭, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ પ્રભુદાસ સી. બારોટ
(૩) નાણા વિભાગના ઠરાવ ક્ર: પરચ /૧૦૨૦૧૭/ સીસી ૨૭/ પી, તા.૧૨/૩/૨૦૧૮

**પ્રસ્તાવના :**

ઉકત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી રાજય સરકાર દ્વારા પેન્શનર/કુટુંબ પેન્શનરના કેસમાં નિવૃત્તિ/અવસાન સમયે પેન્શનર જે હોદ્દો ધરાવતા હોય તે હોદ્દાને અનુરૂપ લઘુતમ પગારના ૫૦% પ્રમાણે પેન્શન અને ૩૦% પ્રમાણે કુટુંબ પેન્શન (તા.૧/૧/૨૦૦૬ પહેલાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના કેસમાં પેન્શનપાત્ર સેવાના સપ્રમાણ) મંજૂર કરવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આમ કરતી વખતે જે-તે કર્મચારીને મળેલ ઉચ્ચતર પગારધોરણ, સિલેકશન ગ્રેડ, સિનિયર ગ્રેડ ધ્યાને લેવામાં આવતા નથી, પરંતુ જે તે હોદ્દાને અનુરૂપ સુધારેલ મૂળ પગારધોરણ જ ધ્યાને લેવામાં આવતું હતું. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ ના નિયમ : ૮૦ (૨) (ક) ના પરંતુ, માં પણ આ પ્રકારની જોગવાઇ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ (૨) પરના સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ પ્રભુદાસ સી. બારોટના કેસમાં ચૂકાદો પેન્શનરો તરફી આવતા વંચાણે લીધેલ ક્રમ (૩) ના ઠરાવથી પેન્શન રીવીઝન સમયે કર્મચારીઓના નિવૃત્તિ સમયે ધારણ કરેલ હોદ્દાને બદલે નિવૃત્તિ સમયના પગારધોરણને ધ્યાને લઇને પેન્શન રીવાઇઝ કરવાનું ઠરાવવામાં આવેલ. આથી વંચાણે ક્રમ (૧) ના ઠરાવની ઉપર્યુક્ત જોગવાઇમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે તા.૧/૧૧/૨૦૦૦ ના મૂળ ઠરાવનો પારા નં. ૩ આથી રદ કરવામાં આવે છે. હવે પારા નં. ૩ નીચે મુજબ રહેશે.

Scanned by CamScanner

"જીલ્લા તિજોરી કચેરીએ આ ઠરાવ સાથેના પરિશિષ્ટના ભાગ -૧ માં પેન્શનર કુટુંબ પેન્શનની અરજી અને ભાગ -૨ માં સંબંધિત વિભાગ / ખાતા / કચેરી દ્વારા વિગતો ભરીને પેન્શન / કુટુંબ પેન્શન જ્યાંથી ચૂકવાતું હોય તે જીલ્લા તિજોરી કચેરીમાં નિયત પરિશિષ્ટ રજૂ કરવામાં આવ્યેથી સંબંધિત જીલ્લા તિજોરી કચેરી દ્વારા પેન્શન / કુટુંબ પેન્શનના પેન્શન પેમેન્ટ ઓર્ડર (પી.પી.ઓ.) પેન્શનર/કુટુંબ પેન્શનરના કેસમાં નિવૃત્તિ સમયે/અવસાન સમયે પેન્શનર જે પગારધોરણ મેળવતાં હોય તે પગારધોરણને અનુરૂપ સુધારેલ પગારધોરણમાં જે પગારધોરણ અમલમાં આવેલ હોય તે પગારધોરણના લઘુત્તમ પગારના ૫૦% થી ઓછું નહિ તે પ્રમાણે પેન્શન અને (તા.૧/૧/૨૦૦૬ પહેલાં નિવૃત્ત થયેલ પેન્શનરના કિસ્સામાં પેન્શનપાત્ર સેવાના સપ્રમાણમાં) અને ૩૦% થી ઓછું નહિ તે પ્રમાણે કુટુંબ પેન્શન મંજૂર કરવા માટેની કાર્યવાહી કરવાની રહેશે. આમ કરતી વખતે જે તે કર્મચારીને મળેલ ઉચ્ચતર પગારધોરણ, સિલેક્શન ગ્રેડ, સિનિયર ગ્રેડ ધ્યાને લેવાના રહેશે, આ અંગે કોઈ અપવાદરૂપ કેસમાં જીલ્લા તિજોરી કચેરીને પી.પી.ઓ. ઉપરથી અથવા પરિશિષ્ટના ભાગ -૧/૨ ઉપરથી પેન્શનરને મળતા ઉચ્ચતર પગારધોરણ, સિલેક્શન ગ્રેડ કે સિનિયર ગ્રેડ ધ્યાનમાં લેવાનું છે તે અંગે સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ ન થાય તો તેવા કેસ પૂરતું જે તે જીલ્લા તિજોરી કચેરી દ્વારા પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરીને પરિશિષ્ટની વિગતો સહિત માર્ગદર્શન માટે કેસ મોકલવાનો રહેશે અને પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરીનું માર્ગદર્શન મળ્યેથી તેવા કેસોનું આખરીકરણ કરવાનું રહેશે."

ઉક્ત પારા – ૩ માં કરવામાં આવેલ સુધારાને ધ્યાને લેતાં તા.૧/૧૧/૨૦૦૦ ના મૂળ ઠરાવના પરિશિષ્ટના ભાગ-૨ માં સુધારો કરવો જરૂરી હોઈ સુધાર્યા મુજબનું પરિશિષ્ટ ભાગ -૨ આ સાથે સામેલ રાખ્યા મુજબનું રહેશે અને પરિશિષ્ટનો ભાગ -૧ યથાવત રહેશે.

તા.૧/૧૧/૨૦૦૦ અને તા.૧૨/૩/૧૮ ના ઠરાવથી નક્કી કરવામાં આવેલી અન્ય તમામ જોગવાઈઓ / શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(નાણા)ના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

નાણાં વિભાગના તા-૦૧-૦૫-૨૦૧૮ના ઠરાવ ક્રમાંક-પશન-૨૦૧૪-સીસી-૧૨૮-પી (પાર્ટ ફાઇલ-૧) સાથેનું જોડાણ

**ભાગ-૨**

(વિભાગ/ખાતા/કચેરીના વડાની કચેરીના ઉપયોગ સારૂ )

૧. શ્રી .............................................................ની :
 નિવૃત્તિ/અવસાન સમયે ધારણ કરેલ જગ્યા

૨. નિવૃત્તિ/અવસાન સમયે મેળવેલ પગાર ધોરણ :

૩. આર.ઓ.પી-૯૮ મુજબનું પગાર ધોરણ :
 આર.ઓ.પી-૦૬ મુજબનું પગાર ધોરણ :
 આર.ઓ.પી-૧૬ મુજબનું પગાર ધોરણ :
 (લાગુ પડતી વિગતો ભરવી)

૪. નોકરીમાં જોડાયા તારીખ :

૫. નિવૃત્તિ/અવસાન તારીખ :

૬. કુલ નોકરી :

૭. બિન પેન્શનપાત્ર નોકરી :

૮. પેન્શનપાત્ર નોકરી :

૯. મળવાપાત્ર પેન્શન :

સુધારેલ પગાર ધોરણના લઘુતમ પગારના ૫૦% પેન્શન : રૂા. ............................ તા.................... થી
 ૩૦% કુટુંબપેન્શન : રૂા. ............................ તા.................... થી

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની કચેરીના .............................................................. તરીકે નિવૃત્ત થયેલ/અવસાન પામેલ શ્રી/શ્રીમતી......................................................................................................... ............................................ કે જેઓ ............................................................ તિજોરીમાંથી પેન્શન મેળવે છે. તેઓએ રજુ કરેલ વિગતોની ખાત્રી તેમના પી.પી.ઓ ઉપરથી કરવામાં આવેલ છે, અને તેઓને મળવાપાત્ર પગાર ધોરણની ખાત્રી સરકારના વખતોવખતના ઠરાવો અને અત્રેની સેવાપોથી અને કચેરીના અન્ય સંબંધીત રેકર્ડ સાથે કરેલ છે. પેન્શનરને ઉપર જણાવ્યા પ્રમાણે પેન્શન/કુટુંબ પેન્શન મંજુર કરવામાં આવે છે.

તારીખ: પેન્શન મંજુર કરનાર અધિકારીનું નામ અને હોદ્દો અને

સ્થળ: (ખાતાના અધિકારી) સરનામું

Scanned by CamScanner